## મુદ્દા નં.૪ :– પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલ ધોરણો :–

The norms set by it for the discharge of its functions :-

દરેક ઝોનમાં આસી. લો ઓફિસરોની નિમણુંક કરવામાં આવેલ છે. દરેક ઝોન/ ખાતામાં પેનલ એડવોકેટની નિમણુંક, ઝોન/ખાતામાં ઉપસ્થિત થતાં કાનુની પ્રશ્નો, કોર્ટ કેસો વિગેરે અંગેનાં અભિપ્રાયોની જરૂર પડે તો કાયદા ખાતાના લો ઓફિસરશ્રીનાં અભિપ્રાય ઝોન / ખાતા દ્વારા ફાઈલ કાયદા ખાતાને મોકલવામાં આવે છે. નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર હાઈકોર્ટમાં ચાલતા કેસો અંગે જરૂરી વિચાર–વિમર્શ કરવામાં આવે છે. તેમજ તે કોર્ટની ફી ના ધારા–ધોરણ અંગે કાયદા ખાતા દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. પેનલ એડવોકેટશ્રીનાં વકીલાતપત્રો અત્રેથી આપવામાં આવે છે. તથા કાયદા સમિતિનાં અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીનાં સૂચનો તથા પ્રશ્નોનાં જવાબ સુ.મ.પા.નાં ખાતા / ઝોન પાસેથી મેળવી જવાબ તૈયાર કરવામાં આવે છે. નામદાર હાઈકોર્ટનાં એડવોકેટશ્રી સાથે ખાતા / ઝોનનાં લાગત કર્મચારીઓ સાથે મીટીંગ રાખવામાં આવે છે. અને સુ.મ.પા.નાં કેસ બાબતે રીવ્યુ મીટીંગ રાખવામાં આવે છે. સુ.મ.પા.નાં વિવિધ ખાતામાં હાઈકોર્ટનાં કેસની તારીખ હોય તો અત્રેથી ટેલીફોનીક મેસેજ ધ્વારા જાણ કરવામાં આવે છે.